ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# નિવૃત્ત ડીજીપીને ફસાવવાના કાવતરામાં ગાંધીનગરના ત્રણ ઝડપાયા : બે સુરતના

## ભાજપના નેતા અને પત્રકારોએ મળીને કાવતરૂં રચ્યું હતું : નિવૃત ડીજીપીને ખોટી રીતે બદનામ કરવાના ઈરાદે એક મહિલાનું ખોટુ સોગંદનામું કરાવવાનું કાવતરુ રચ્યું હતું

ગાંધીનગર, તા.૧૩

રાજયના નિવૃત આઈપીએસ અધિકારીને બદનામ કરવા માટે ખોટી એફિડેવીટ બનાવી વાઈરલ કરનાર બે પત્રકાર અને નગરના એક આગેવાન સહિત પાંચ વ્યકિતઓની ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ઉચ્ચ અધિકારી પાસેથી રૂપીયા પડાવવા માટે સમગ્ર કાવતરુ રચ્યું હોવાનું સામે આવ્યું છે. પાંચ પૈકી આગેવાન નેતા મુખ્ય સુત્રધાર હોવાનું ધ્યાને આવ્યું છે. મહિલા સાથે દુષ્કર્મ કર્યાની ખોટી એફિડેવીટ કરી હતી. ત્યારબાદ બે પત્રકારે રૂ.૫ લાખ લઈ એફિડેવીટ વાયરલ કરવાની અને ન્યુઝ પેપરમાં છપાવવા માટે રૂપીયા લીધા હતા. સમગ્ર કાવતરુ રૂપીયા પડાવવા માટે કર્યુ હતું.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કેટલાક પોલીસ અધિકારીને ફસાવવા માટે ઉચ્ચ અધિકારી નામની ખોટી એફિડેવીટ વાયરલ થઈ હતી. જે અંગે ગુજરાત એટીએસને તપાસ સોંપાઈ હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે જે એફિડેવીટ કરવામાં આવી છે તે મહિલાનું વિગતવાર નિવેદન લેવામાં આવ્યું હતું. જે મુજબ ગાંધીનગરના પેથાપુર ખાતે બળાત્કારનો ગુનો મહિલાએ નોંધાવ્યો હતો. આ ફરીયાદ નોંધાવતા પહેલા મહિલા ગાંધીનગરના જી. કે. પ્રજાપતિ ઉર્ફે જી.કે. દાદા સંપર્કમાં આવી હતી. મહિલાએ જી. કે. પ્રજાપતિને જણાવ્યું હતું કે આ ફરીયાદનો આરોપી ઈસ્માઈલ મેલક એક દિવસ ચાંદખેડા એક મંદિર પાસે લઈ ગયો હતો. ત્યાં સંગાથ બંગલોના બંગલા નં.૧૩ અને ૧૪ માં લઈ ગયો હતો. બંગલોમાં જે માણશ હતો હતો તે ૪૫ વર્ષની ઉંમરનો હતો. અને અમદાવાદનો મોટો પોલીસ અધિકારી હોવાની ઓળખાણ આપી હતી. આ બંગલો સાહેબનો છે તેમ કહીને તેના ભાઈને છોડાવવા માટે તે વ્યકિતએ તેની મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ બાંધ્યો હતો. ત્યારે જી.કે.પ્રજાપતિએ ફરીયાદમાં આ બાબત લખવાની ના પાડી હતી અને કહ્યું હતુ કે આપણે પછીથી આનો વિચાર કરીશું. જી. કે. પ્રજાપતિએ સુરતના એક વ્યકતિ હરેશ જાદવ સાથે મહિલાની ઓળખાણ કરાવી હતી. મહિલાની હાજરીમાં જ તેણે અમદાવાદના આ ઉચ્ચ અધિકારીના નામે રૂ.૮ કરોડની તોડની વાત કરી હતી. જયારે મહિલાએ મદદ કરવાના બદલામાં તેઓ કહે તેમ કરવાનું કહ્યું હતું. જેથી મહિલાએ પોતાની મદદ મેળવવા માટે તેના દબાણમાં આવી ગઈ હતી. જેથી આ મહિલાના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ઠંડીનો છેલ્લો રાઉન્ડ : પારો ૧૦.૫ ડિગ્રી

## એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૫ ડિગ્રીનો ઘટાડો થતાં ઠંડીનો ચમકારો અનુભવાયો

ગાંધીનગર, તા. ૧૩

હવામાન વિભાગની આગાહી અનુસાર જ ઠંડીનો વધુ એક અને આ સિઝનનો સંભવતઃ છેલ્લો રાઉન્ડ અનુભવાયો હતો. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી જેટલુ ઘટતા પારો ૧૦.૫ ડિ.સે. પર જઈને અટક્યો હતો. વળી પવનની ગતિ પણ વધુ રહેતા વસાહતીઓએ ઠંડીનો અનુભવ કર્યો હતો.

ઉનાળાના આગમનના એંધાણ વચ્ચે હજુ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. છેલ્લા એક અઠવાડિયાથી તાપમાનમાં વધારો થતો અનુભવાતો હતો. દિવસ દરમ્યાન તડકો આકરો લાગે છે તો રાત્રિ દરમ્યાન ઠંડક અનુભવાય છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિ.સે. નોંધાયુ હતુ અને લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિ.સે. અનુભવાતા ઉનાળો આવી ગયો હોય તેવુ લાગતુ હતુ. પરંતુ ગઈકાલ રાતથી પુનઃ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને પવનની ગતિ વધી હતી. ઠંડા પવનો ફુંકાતા તાપમાનનો પારો સડસડાટ ગગડવા માંડ્યો હતો અને તે ૧૦.૫ ડિ.સે. સુધી ગગડી ગયો હતો. એક દિવસ અગાઉ અનુભવાયેલી ગરમીના કારણે રાત્રિના સમયે પંખો ચાલુ કરીને સુઈ રહેલા વસાહતીઓને રાત્રે અચાનક જ ઠંડીનો અનુભવ થતાં પંખા બંધ કરવા પડ્યા હતા અને ધાબળા ઓઢવા પડ્યા હતા. સવારે પણ પવનની સ્પીડ વધુ રહી હતી. ઘરના બારી-બારણાં બંધ રાખવા પડે તેવી ઠંડી અનુભવાતી હતી.

હવામાન વિભાગે જણાવ્યુ છે કે આ ઠંડીનો છેલ્લો રાઉન્ડ છે. બે દિવસ ઠંડી અનુભવાશે તે પછી પારો વધતો જશે. વચ્ચે કેટલાક દિવસ રાજ્યના કેટલાક વિસ્તારોમાં માવઠાંની અસર જોવા મળશે. ૧૮મી ફેબ્રુઆરી બાદથી ગરમી વધવા માંડશે. ૨૮મી ફેબ્રુઆરી સુધી ગરમીનો પારો ૩૭ ડિગ્રીને વટાવે તેવી સંભાવના છે.

# મનપાના બજેટને લઈ નાગરિકો અને સંસ્થાઓએ ૪૪ સૂચનો મોકલ્યા

## સતત બીજા વર્ષે પણ તંત્રને લોકાભિમુખ બનાવવા અને બજેટમાં લોકોના અવાજને વાચા આપવા સૂચનો મંગાવ્યા હતા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકાએ સતત બીજા વર્ષે પણ અંદાજપત્રમાં લોકોની લાગણી સમાવવા માટે માંગેલા સૂચનોમાં મનપાના તંત્રને ૪૪ જેટલા સૂચનો મળ્યા છે.

હવે પછી બજેટ પર ચર્ચા અને સુધારા-વધારા માટે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગે પરામર્શ કરી અને તેનો સમાવેશ કરવા માટેનો નિર્ણય લેવામાં આવશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રજાએ જે ૪૪ જેટલા સૂચનો કર્યા છે તેમાં ૪ જેટલા સૂચનો આરોગ્ય સેવાઓના સઘનીકરણને લઈ કર્યા છે.

અગાઉ ગાંધીનગર શહેરમાં સેકટરવાઈઝ દવાખાનાઓમાં ઓ.પી.ડી. ચાલતી હતી પરંતુ ક્રમશઃ આ દવાખાનાઓ બંધ કરવામાં આવ્યા છે અને તેના મકાનો પણ હાલ બિન ઉપયોગી બની ગયા છે. આ પછી ગાંધીનગર મનપાની રચના થતાં અર્બન હેલ્થ સેન્ટરો ૪ જેટલા બનાવવામાં આવ્યા છે. મનપાની હદ વધતાં આ સંખ્યામાં વધારો જરૂર થયો છે.

ગાંધીનગર શહેરમાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે મહોલ્લા કલીનીક જેવો અભિગમ અપનાવવાની રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મનપાને સૌથી વધુ સૂચનો સિવિલ શાખાને લઈ મળેલ છે. શહેરના આંતરિક માર્ગો તેમજ શહેરમાં હાલ ઉભા થયેલા ખાડારાજથી લોકો ત્રસ્ત બન્યા છે અને તેમણે આ મુદ્દે પૂરણ યોગ્ય નહિ થતું હોવાથી લઈ અનેકવિધ ફરિયાદો સાથે સૂચનો કર્યા છે. ખાસ કરીને આંતરિક માર્ગોના રિસરફેસીંગ મુદ્દે ખર્ચ ટાળી અને સિમેન્ટના રસ્તા બનાવવા સહિતના મુદ્દાઓ હોવાનું જાણવા મળેલ છે.

સ્ટ્રીટલાઈટ સહિતના પ્રશ્નો પણ લોકોને સતાવી રહ્યા છે. શહેરમાં વધતા જતા દબાણો તેમજ આ અંગેની ચોક્કસ નીતિ અને યોગ્ય મહેકમ ઉભુ કરવા સહિતની બાબતોને પણ સૂચનો કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી ૧૭મીએ રાજયની પંચાયતોના પદાધિકારીઓ સાથે સંવાદ યોજશે

## ગિફ્ટસીટી ખાતે આ બેઠક યોજાશે : મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

આગામી ૧૭મી ફેબ્રુઆરીના રોજ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જિલ્લા પંચાયતના પદાધિકારીઓ સાથે એક સંવાદ બેઠક યોજશે.

ગાંધીનગર નજીક વિકસી રહેલ ગિફ્ટસીટી ખાતે આ બેઠક સવારે સાડા નવ કલાકે શરૂ થશે. રાજયના પંચાયત વિભાગનો હવાલો મુખ્યમંત્રીએ પોતાના હસ્તક રાખેલ છે અને પ્રથમવાર તેઓ પંચાયત પદાધિકારીઓ સાથે સંવાદ કરી રહ્યા છે.

અગાઉ રાજયના મુખ્યમંત્રીને પ્રદેશ પંચાયત પરિષદનું પ્રતિનિધિ મંડળ પણ મળ્યુ હતુ.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ કારોબારી સમિતિના ચેરમેનોને હાજર રહેવા માટે જણાવવામાં આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય વિધાનસભાના સત્ર પૂર્વે મુખ્યમંત્રી દ્વારા પંચાયતના પદાધિકારીઓ સાથેની આ બેઠકને મહત્વની ગણવામાં આવી રહી છે. જેમાં કેટલાક મહત્વના મુદ્દાઓ તેમજ નીતિઓ સંદર્ભે વિચાર-વિમર્શ કરાશે. ૧૫મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી વિકાસ કામોને લઈ પણ આ બેઠકમાં ચર્ચા થશે તેમજ પંચાયત પદાધિકારીઓના પ્રશ્નો, પંચાયતોના નવા મકાન સહિતના મુદ્દાઓ પર ચર્ચા થશે.

મુખ્યમંત્રીની આ બેઠકને લઈ તંત્રએ તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# બટાટાના ભાવ નહિ મળતાં બજારોમાં આવક ધીમી પડી

## ભાવ ન મળતાં ખેડૂતો ચિંતામાં ગરકાવ, જિલ્લામાં ૧૫ હજાર હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર

ગાંધીનગર, તા. ૧૩

શાકભાજીનો રાજા ગણાતા બટાટાનો ભાવ બજારમાં નહિ મળતાં ખેડૂતોમાં ચિંતાની લાગણી ઉભી થવા પામી છે. બટાટાનો ભાવ હાલ જે બજારમાં જોવા મળી રહ્યો છે તેનાથી ખેડૂતોને ઉત્પાદનનો ખર્ચ પણ માંડ મળી રહે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

મળતી વિગતો પ્રમાણે બટાટાનો ભાવ હાલ માર્કેટયાર્ડોમાં ૧૬૦ થી ૧૭૦ વચ્ચે છે. તેમજ થયેલા કમોસમી વરસાદને કારણે ક્યાંક બટાટા પર ડાઘા પડી ગયા છે. આ ડાઘવાળા બટાકાનો ભાવ તો ૮૦ થી ૧૨૦ની વચ્ચે નોંધાયા હોવાની ચર્ચા ખેડૂતોમાંથી સાંભળવા મળી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની શાળાઓમાં વેલેન્ટાઈન-ડેના રોજ વિદ્યાર્થીઓ માતાપિતાનુ પૂજન કરશે

## વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે સંસ્કાર અને ભારતીય સંસ્કૃતિના મુલ્યોનુ મજબુત જતન થાય તે માટે નવતર અભિગમ : માતા પિતાના મહત્વ અંગે વિદ્યાર્થીઓ વકતવ્ય પણ આપશે

ગાંધીનગર તા ૧૩

આજનુ શિણક્ષ હાઈટેક અને વધુ સ્પર્ધાત્મક બનતુ જાય છે. જયારે વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે સંસ્કાર અને સંસ્કૃતિના મુલ્યોનુ જતન વધુ સારી રીતે થાય તે માટે શિક્ષણ વિભાગ દ્વારા નવતર અભિગમ અપનાવાયો છે. તા ૧૪ ફેબ્રુઆરીના રોજ જિલ્લાની પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં માતા પિતા પુજન દિવસની ઉજવણી કરવામાં આવશે. વેલેન્ટાઈન ડે ના દિવસે શાળા કક્ષાએથી સ્વેચ્છાએ આ મુજબનો કાર્યક્રમ યોજવામાં આવે તે માટે પણ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે.

વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણની ભાવના વધુ મજબુત બને તે માટે તેવા હેતુ થી માતા પિતાના નિસ્વાર્થ પ્રેમ ,પુરુષાર્થ અને સમર્પણના ઉદેશથી વાસ્તવિક રીતે પ્રેમ દિવસની ઉજવણી કરવામાં આવે તેવા આશયથી આ આયોજન કરાયુ છે. જિલ્લા શિક્ષણાધિકારી ડો બી એન પ્રજાપતિએ જણાંવ્યા મુજબ તા ૧૪ ફેબ્રુઆરીના રોજ જિલ્લાની શાળાઓમાં આ મુજબ ઉજવણી કરવાની રહેશે. બાળકોમાં શિક્ષણની સાથે સંસ્કારનુ સિંચન થાય તેમજ ભારતીય સંસ્કૃતિ મુજબ માતા પિતાનુ પુજન પણ થાય તેવા ઉમદા આશયથી શાળાઓએ અનુકુળતા મુજબ વિદ્યાર્થીઓના વાલીઓને પણ આમંત્રિત કરવાના રહેશે. દેશમાં પશ્ચિમી સંસ્કૃતિનો પવન ફુંકાઈ રહ્યો છે ત્યારે ભારતીય સંસ્કૃતિના મુલ્યો વધુ મજબુત બનો ભાવિ પેઢીનો સંસ્કારમય જીવન પ્રાપ્ત થાય ત્યારે બાળકો અને યુવાનો સંસ્કૃતિ પ્રત્યે સજાગ અને અભિમુખ બને તે માટે શિક્ષણ વિદો અને શિક્ષણ સંસ્થાઓની પણ મહત્વની જવાબદારી છે. શાળાઓમાં માતા પિતા પુજનના આ અનોખા કાર્યક્રમમાં શિક્ષણવિદો,

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ફાર્મસી કોલેજનું નવું બિલ્ડીંગ બાંધવા હવે કામ શરૂ થશે

## ખર્ચની જોગવાઈ થતાં લાંબા સમયના અંતે કામ હાથ ધરાશે : નવા બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂા.૧૦ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં સરકારી ફાર્મસી કોલેજની અલાયદી ઈમારત બાંધવા ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ લાંબા સમયના અંતે પણ આ કામગીરી હાથ ધરી શકાય ન હતી જોકે હવે આ કાર્ય યોજના સંદર્ભે નાણાની જોગવાઈ થતા ટૂંકમાં જ ફાર્મસી કોલેજના નવા બિલ્ડિંગનું કામ શરૂ કરી દેવાશે ત્રણ માલી નવી બિલ્ડીંગ બાંધવામાં પાછળ અંદાજિત રૂપિયા ૧૦ કરોડનો ખર્ચ થશે.

ફાર્મસી કોલેજ બાંધવા વહીવટી મંજુરીઓ અને બાદમાં ટેન્ડર સહિત સત્તાવાર પ્રક્રિયા કરાઈ હતી. પરંતુ સરકારે બજેટમાં નાણાની જોગવાઈ જ નહીં કરતા આ યોજના અદ્ધરતાલ રહી ગઈ છે. સેક્ટર ૨૬માં રૂપિયા ૧૦ કરોડના ખર્ચે સરકારી ફાર્મસી કોલેજની ૩ માળની ઈમારત બાંધવા માટે ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય કરવામાં આવ્યા પછી આ યોજનાને લઈને ખર્ચ અંદાજ તૈયાર કરવામાં આવ્યા હતાં અને તેના માટે સરકાર પાસે વહીવટી મંજુરીઓ માગવામાં આવી હતી. સચિવાલયમાંથી મંજુરી આપી દેવામાં આવ્યા બાદ ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. પરંતુ ત્યાર બાદ આ ઈમારત

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૭માં નવા એમએલએ કવાટર્સ બાંધવા માટે ૧૯૯ વૃક્ષો કાપવા મંજુરી

## વનતંત્રને વળતર ચુકવાયુ : હરિયાળીનો સોથ વળશે : એમ એલ એ કવાટર્સમાં યોજનાના અંતે નવા રોપાઓની વાવણી કરાશે

ગાંધીનગર તા ૧૩

સે-૧૭ માં નવા એમ એલ એ કવાટર્સ બાંધવા માટે પાંચ દાયકા જુના સરકારી આવાસો તોડીને જગ્યા ખુલ્લી કરી દેવામાં આવી છે. જયારે જુના મકાનો તોડવામાં આવ્યા બાદ હવે યોજનાનુ કામ હાથ ધરવામાં આવશે હાલ સ્થળ પરથી વૃક્ષો દુર કરવામાં આવી રહ્યા છે. આ ઠેકાણે અંદાજિત ૧૯૯ જેટલા વૃક્ષો નડતરરૂપ હોવાથી તંત્ર દ્વારા વન વિભાગને વૃક્ષો કાપવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી જયારે આ દરખાસ્તને મંજુરી આપી દેવાયા બાદ હવે નવા કવાટર્સ બાંધવાનુ કામ શરૂ કરાશે તંત્ર દ્વારા પણ આ યોજનાની કામગીરી દરમિયાન ગ્રીન કન્સેપ્ટ જાળવી રાખવા માટે બગીચા સહીત નવા રોપાઓની વાવણી કરાશે.

ગાંધીનગરમાં સે-૧૭ માં નવા સદસ્ય નિવાસ બાંધવા માટે અંદાજિત રૂ ૨૪૭ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. આ કાર્યયોજના માટે ૨૮ હજાર ચો મી જગ્યા ફાળવવામાં આવી છે. જયારે આ ઠેકાણે ૨૧૬ ફ્લેટ ટાઈપ આવાસ તૈયાર કરાશે. જેમાં ઈન્ડોર ગેમ ઝોન, લેન્ડ સ્કેપ ઓડિટોરીયમ , કોમ્યુનિટી હોલ, કલબ હાઉસ, વોકીંગ ટ્રેક અને કેન્ટીન પણ તૈયાર કરવામાં આવશે. જયારે આ યોજનાનુ કામ આગળ વધારવા માટે પ્રથમ તબક્કામાં સ્થળ પરથી જુના મકાનો તોડવા માટે કામ હાથ ધરવામાં આવ્યુ હતુ સેકટરના આ વિસ્તારમાં સ્થિત છ કક્ષાના અંદાજિત ૧૨૦ મકાનોનો કડસુલો કરી દેવાયો છે. હાલ સે-૨૧ માં સદસ્ય નિવાસ છે. જયારે અગાઉ સે-૧૭ માં જ એમ એલ એ કવાટર્સ હતા નવા આવાસો બાંધવા માટે વર્ક ઓર્ડર આપી દેવાયા બાદ જગ્યા ખુલ્લી કરી દેવામાં આવી છે. બીજીતરફ તંત્ર દ્વારા વન વિભાગને વૃક્ષો દુર કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી હતી હાલની સ્થિતિએ આ જગ્યાએ ૧૯૯ જેટલા વૃક્ષો કાપવા માટે વનતંત્રને દરખાસ્ત કરવામાં આવી હતી જેમાં નાના રોપાઓનો પણ સમાવેશ થાય છે. જયારે વૃક્ષોની કટોતી સંદર્ભે લાંબા સમયથી વનતંત્ર કક્ષાએથી દરખાસ્તને મંજુરી ન અપાતા એમ એલ એ કવાટર્સનુ કામ અટવાયુ હતુ. આ ઠેકાણે અંદાજિત ૧૯૯ જેટલા વૃક્ષો નડતરરૂપ હોવાથી આ વૃક્ષો કાપવા માટે વનતંત્રની મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવી હતી આખરે વનતંત્રએ મંજુરી આપી દેતા હાલ વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. જેમાં સેવન , લીમડો, ગરમાળો, જાંબુ, ગુંદા,

● અનુસંધાન પાન-૭ પર


**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER 2022**

(Rs. in Lakhs)

| Sr. No | Particulars | Standalone Results | | | Consolidated Results | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 31.12.2022 (Unaudited) | Nine months ended 31.12.2022 (Unaudited) | Quarter ended 31.12.2021 (Unaudited) | Quarter ended 31.12.2022 (Unaudited) | Nine months ended 31.12.2022 (Unaudited) | Quarter ended 31.12.2021 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 41,544.05 | 1,43,957.04 | 47,501.03 | 4,17,674.40 | 14,33,599.76 | 5,62,261.86 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 23,294.15 | 93,547.91 | 28,562.45 | 72,857.49 | 2,38,505.41 | 44,743.67 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax)) | 23,294.15 | 93,547.91 | 28,562.45 | 71,778.26 | 2,40,583.61 | 47,900.28 |
| 4 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items before discontinued operations | 17,093.16 | 72,061.72 | 21,334.21 | 52,963.21 | 1,79,920.39 | 35,095.98 |
| 5 | Net Profit/(Loss) for the period after tax from Discontinued Operations | - | - | 3,476.07 | - | - | - |
| 6 | Net Profit/(Loss) for the period after tax from Continuing and Discontinued Operations | 17,093.16 | 72,061.72 | 24,810.28 | 52,963.21 | 1,79,920.39 | 35,095.98 |
| 7 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 17,069.29 | 71,974.78 | 24,839.82 | 52,945.39 | 1,80,109.44 | 35,382.62 |
| 8 | Equity Share Capital (face value of Rs. 10/- each) | 56,421.14 | 56,421.14 | 56,421.14 | 56,421.14 | 56,421.14 | 56,421.14 |
| 9 | Reserves (excluding Revaluation Reserve as shown in Balance Sheet) | - | - | - | - | - | - |
| 10 | Earnings per share (EPS) for the Period from Continuing and Discontinued Operations<br>a) Basic EPS (Rs.)<br>b) Diluted EPS (Rs.)<br>(face value of Rs.10/- each) (not annualised for the quarter & nine months) | 3.03<br>3.03 | 12.77<br>12.77 | 4.40<br>4.40 | 6.37<br>6.37 | 22.48<br>22.48 | 5.22<br>5.22 |

**Notes: 1.** The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) **2.** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 13th February, 2023. **3.** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited

Place: Gandhinagar
Date: 13th February, 2023

Sanjeev Kumar, IAS
Jt. Managing Director



**4 BHK ફ્લેટ વેચવાનો છે**

ગાંધીનગરના હાર્દસમા સરગાસણ વિસ્તારમાં, આશ્કા હોસ્પિટલની સામે, ૩ ઈન્ટરનેશનલ સ્કૂલથી તદ્દન નજીક, 4 BHK ફ્લેટ, તદ્દન વ્યાજબી કિંમતે વેચવાનો છે.

મો. ૯૮૨૪૮૨૮૧૬૯



**ટચુકડી જાહેર ખબર**

દર રવિવારે

જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

ફોન : ૨૩૨૩૭૫૭૧



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT

Birla White — THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com